
લુબા

બર્ગન-બેલ્સેન ની પરી



મિશેલ મેકકેન

ચિત્ર: એન. માર્શલ

હું હજી પણ જીવિત કેમ છું? હું કેમ બચી ગઈ?

1944 માં ડિસેમ્બર ની એક ઠંડી રાત, લુબા ટ્રિસઝિસ્કા ના સવાલો

નો જવાબ ત્યારે મળ્યો જયારે એને બર્ગન-બેલ્સેન માં યાતના શિબિર માં ચોપન ત્યજાયેલા બાળકો મળ્યા. લુબા આ બાળકો ને બચાવવાનું પરિણામ સારી રીતે જાણતી હતી. જો નાઝીઓ એને પકડે, તો મૌત નિશ્ચિત હતું.

પણ એ જરૂર કોઈ ના બાળકો હતા. અને એ ભૂખ્યા હતા.

જીવલેણ જોખમ છતાં, લુબા અને બેરેક ની મહિલાઓ એ

આ અનાથો ની દેખભાળ કરી - જે ઇતિહાસ માં "ડાયમંડ ચિલ્ડ્રન" તરીકે ઓળખાયા - અને એને શિયાળા માં બીમારી, ભૂખમરા અને યુદ્ધ થી બચાવ્યા.

લુબા

બર્ગન-બેલ્સેન ની પરી

મિશેલ મેકકેન

ચિત્ર: એન. માર્શલ



લેખક ની નોંધ

લુબા : બર્ગન-બેલ્સેન ની પરી ની વાર્તા

લુબા ટ્રિસઝિસ્કા-ફ્રેડરિક ના જીવન દરમ્યાન ઘટેલી વાસ્તવિક ઘટનાઓ પર આધારિત છે. વિષય માં આલેખાયેલા નામો, તારીખો, સ્થાન અને કવિતાઓ વાસ્તવિક છે. વાર્તા ને વધુ સારી રીતે જણાવવા માટે સંવાદ અને થોડા પાત્રો જોડેલા છે. હોલોકોસ્ટ દરમ્યાન, બર્ગન-બેલ્સેન સહીત, યાતના શિબિરો માં કેદીઓ એ અનાથ બાળકો ના ઘણા અલગ-અલગ સમૂહો ની દેખભાળ કરી હતી. આ વાર્તા માં બાળકો ડચ હતા : એમના પિતા એમ્સ્ટર્ડેમ ના હીરા ઘસવાવાળા હતા, જેને નાઝી યુદ્ધ ના પ્રયાસો માં મદદ કરવા માટે બર્ગન-બેલ્સેન માં સ્થાનાંતરિત કરાયા હતા. આ દીકરા અને દીકરીઓ "ડાયમંડ ચિલ્ડ્રન" તરીકે ઓળખાયા.

પ્રસ્તાવના

1930 ના દશક માં, "નેશનલ સોશાલિસ્ટ જર્મન વર્કર્સ પાર્ટી" નામનો એક રાજનીતિક સમૂહ જર્મની માં સત્તા પર આવ્યો. ટૂંક સમય માં નાઝી પાર્ટી તરીકે જાણીતા થયેલા આ સમૂહે, "યાતના શિબિર" નામના વિશાળ જેલો નું નિર્માણ કર્યું. ત્યાં, પહેલા તો એમણે સાધારણ અપરાધીઓ ને અને એમની રાજનીતિ થી અસહમત લોકો ને બંધ કર્યા. એ પછી, નાઝીઓ એ ઘોષણા કરી કે જે કોઈ એમના આદર્શો થી વિરુદ્ધ હતા, જે નાઝી અથવા "આર્યન" (ગોરા વાળ વાળા, ઉત્તરી યુરોપીય મૂળ ના, ભૂરી આંખો વાળા કોકેશિઅન) ન હતા, એ બધા જર્મની ના દુશ્મન હતા. એમણે જિપ્સીઓ, શારીરિક અને માનસિક વિકલાંગો, યહોવા, સમલૈંગિક અને યહૂદી લોકો ની ધરપકડ કરી અને એમને પણ યાતના શિબિર માં નાખ્યા.

1938 માં નાઝી સૈનિકો એ અન્ય યુરોપીય દેશો પર આક્રમણ કરવાનું શરુ કર્યું : ઓસ્ટ્રિયા, ચેકોસ્લોવાકિયા, પોલેન્ડ, ડેનમાર્ક, નોર્વે, બેલ્જિયમ, હોલેન્ડ, લકઝેમ્બર્ગ, ફ્રાન્સ, યુગોસ્લાવિયા, ગ્રીસ અને સોવિયેત સંઘ. દ્વિતીય વિશ્વ યુદ્ધ ચાલી રહ્યું હતું, અને જેમ-જેમ નાઝી સૈનિક ફેલાતા ગયા, એના યાતના શિબિર પૂરા યુરોપ ના યહૂદીઓ અને અન્ય બિન-આર્યો થી ભરાઈ ગયા.

વર્ષો સુધી, બાકી દુનિયા એ નાઝીઓ ની વાતો પર વિશ્વાસ કર્યો : કેદી "કાર્ય શિબિરો" માં હતા જે જર્મનો ને યુદ્ધ જીતવા માટે આવશ્યક વસ્તુઓ બનાવી રહ્યા હતા. પણ ત્યાં કંઈક બહુ ખરાબ ચાલી રહ્યું હતું. નાઝી ચુપચાપ એના કેદીઓ ને મારી રહ્યા હતા.

અમારી વાર્તા આ યાતના શિબિરો માં થી એક પર આધારતી છે. બે જર્મન ગામ વચ્ચે સ્થિત, એને બર્ગન-બેલ્સેન કહેવામાં આવતું હતું. આ એક યહૂદી નાયિકા - લુબા ટ્રિસઝિસ્કા ની સાચી વાર્તા છે. "બર્ગન-બેલ્સેન ની પરી"

લુબા એના પલંગ માં આંખો બંધ કરી ને સૂતી હતી. બહાર, રાત ઠંડી અને ચંદ્રવિહીન હતી, પણ અંદર, તેજ હવા વાળા બેરેક બહુ ગરમ ન હતા. આ અજબ, નવા શિબિર માં લુબા ની પહેલી રાત હતી. એનું કોઈ ઘર ન હતું, કોઈ પરિવાર ન હતો, અને સવાલો એ એની ઊંઘ ઉડાડી દીધી હતી : હું હજી પણ જીવિત કેમ છું? હું કેમ બચી ગઈ?

અડધા સપના માં, એણે એના દીકરા ઇસહાક ને એને બોલાવતા સાંભળ્યો.


"માઁ! માઁ!" પણ એ જાણતી હતી કે ઇસહાક ત્યાં ન હતો.

લુબા બેઠી થઇ. "શું તેં એ સાંભળ્યું?" એણે હર્મીના ને ધીમેથી પૂછ્યું. એ બંક-બેડ માં હર્મીના સાથે હતી. "થોડા બાળકો રડી રહ્યા છે."

"આ તારી પહેલી રાત છે અને તું હમણાંથી કંઈક સાંભળી રહી છે?" હર્મીના એ આંખો બંધ કરી. "તું ફક્ત સપના જોઈ રહી છે. સૂઈ જા. નાઝીઓ ને પાગલ માણસો પસંદ નથી, તું આ વાત સારી રીતે જાણે છે."

લુબા એ સૂવા ની કોશિશ કરી, પણ અવાજો ફરી આવ્યા, "માઁ! માઁ!"

કોણ રડી રહ્યું હતું? એને બહુ આશ્ચર્ય થયું. લુબા એ એના ખભા પર એક પાતળો ધાબળો ઓઢ્યો અને ઠંડી રાત માં બહાર નીકળી.



બહાર, એને બહુ મુશ્કેલી થી બરફ થી ઢંકાયેલી જમીન દેખાતી હતી. પણ રડવાનો અવાજ એને સ્પષ્ટ સંભળાઈ રહ્યો હતો. રોવા નો અવાજ એને બેરેક ની પાછળ એક ખાલી મેદાન માં લઇ ગયો. અહીં એણે એમને જોયા : ચોપન બાળકો ખોવાયેલા બતક ના બચ્ચા ની જેમ એક બીજા ની હૂંફ માં સૂતા હતા.



થોડા તો બસ શિશુ હતા જેને તકિયા માં લપેટેલા હતા.





"તમારા માતા-પિતા ક્યાં છે?" લુબા એ સૌથી મોટા છોકરા ને પૂછ્યું, જેનું નામ જેક હતું.

"જી એ ... ચાલ્યા ગયા," એ અચકાતા અચકાતા બોલ્યો. "તેઓ એને લઈ ગયા."

"તમે લોકો અહીં સુધી કેવી રીતે પહોંચ્યા?"

"એક ટ્રક માં. મેં ડ્રાઈવરો ને વાતો કરતા સાંભળ્યા ... એ અમને જંગલ માં લઈ જવાના હતા અને ... "જેક અટક્યો અને એના પગ તરફ જોવા લાગ્યો.

"અને શું?" લુબા એ એને આગળ બોલવાનું કહ્યું.


"અને એ લોકો અમને ગોળી મારવાના હતા," એણે ધીમેથી કહ્યું.

લુબા એ છોકરા પાસે પહોંચી અને એણે એના વાળ ને ત્યાં સુધી સહેલાવ્યા જ્યાં સુધી એ આગળ બોલ્યો.

"પછી ત્યાં લોકો માં ચર્ચા થઈ. ડ્રાઈવરે એવું કરવાની ના પાડી એટલે તેઓએ અમને અહીં છોડી દીધા. એમણે કહ્યું કે ઠંડી અમને આમ પણ મારી નાખશે," જેકે લુબા ને કહ્યું. "અમે આખો દિવસ કંઈ ખાધું નથી."

બાકી બાળકો લુબા ને એકીટસે જોવા લાગ્યા અને લુબા એ ફરી એના મનમાં એ જ સવાલ સાંભળ્યો : હું કેમ બચી ગઈ? આ વખતે એને લાગ્યું કે એને એનો જવાબ ખબર છે.

લુબા એ બાળકો ના સમૂહ ને એકત્ર કર્યો અને બરફ માં એના પગ ના નિશાન ની પાછળ-પાછળ એ બાળકો ને બેરેક માં લઈ આવી.



"તું સાચેજ પાગલ છે!" હર્મીના બોલી.

હવે બધા જાગી ગયા હતા.

"આપણે એને રાખશું ક્યાં?"

"આપણે એને ખવડાવશું કેમ?"

લુબા એ એમના પ્રશ્નો ના ઉત્તર સ્વંય આપ્યા, "જો એ તમારા બાળકો હોત તો?"

એક અન્ય મહિલા એ સહમતી આપી, "શું તમે એની મદદ કરવા નહીં ચાહો?"



"બેશક," બીજાઓ એ ઉત્તર આપ્યો. "પણ જો પહેરેદારો ને ખબર પડશે કે આપણે એને રાખ્યા છે તો એ આપણને મારી નાખશે!"

મહિલાઓ ઘણી વાર સુધે બાળકો ને જોતી રહી. અંત માં, એક વૃધ્દ્ કેદી એ ચુપકી તોડી. "આઓ બાળકો, ગાદલું શોધો."

કદાચ થોડા લોકો ને યાદ હતું કે એ હનુક્કા પર્વ નો સમય હતો અને એમણે એમના ખોવાયેલા પરિવારો વિષે વિચાર્યું, કારણકે એમણે પણ બાળકો ને ધીરેથી બોલાવ્યા,"હા, સ્વાગત છે. સ્વાગત છે."

પહેલે થી જ ભીડ વાળો રૂમ, ચાર-પાયાવાળા બંક-બેડ માં ત્રણ-ત્રણ સૂતેલા છોકરાઓ થી ભરાઈ ગયા. જયારે બાકી મહિલાઓ નવા મહેમાનો ને ચાદર માં લપેટવામાં વ્યસ્ત હતી, લુબા એ હાલરડું ગાયું. એક-એક કરીને બાળકો એ આંખો બંધ કરી, અને પછી દરેક બાળક સૂઈ ગયું. સિવાય સૌથી મોટી છોકરી હેટ્ટી.

"તમારા કોઈ બાળક છે?" હેટ્ટી એ લુબા ને પૂછ્યું.


"મારો એક નાનો દીકરો છે," એણે જવાબ આપ્યો. "એનું નામ ઈઝહાક છે."

"એ ક્યાં છે?"

લુબા અચકાઈ. "એ મને ખબર નથી."

"એને શું થયું?"

"આટલી નાની છોકરી માટે આ બહુ બધા સવાલ છે," લુબા એ નિસાસો નાખ્યો, પણ એ એની સાથે વાતો કરતી રહી.





"યુદ્ધ પહેલા હું પોલેન્ડ માં, રુસી સીમા પાસે, મારા માતા-પિતા અને ભાઈ-બહેનો સાથે એક ફાર્મ પર રહેતી હતી." લુબા એના મન માં એ ખેતરો ને જોઈ સકતી હતી - કોબી અને બીટ અને ગાજર - રસોડા ની બહાર નાનો શાકભાજી નો બગીચો હતો. પછી એણે એહિ આંખો બંધ કરી.

"લગ્ન પછી, મારા પતિ હર્શલ અને હું પાસેના એક શહેર માં ચાલ્યા ગયા. ત્યાં ઈઝહાક નો જન્મ થયો. અમારી પાસે ઘણી વસ્તુઓ ન હતી, પણ અમે બધા એક સાથે બહુ ખુશ હતા."

"પછી એક દિવસ નાઝી સૈનિકો આવ્યા. એ અમને ઔસચવિત્ઝ ની યાતના શિબિર માં લઈ ગયા."

લુબા હેટ્ટી ને ટ્રેન ની સવારી વિષે જણાવવા નહોતી ચાહતી. કેમ બધા ગુસપુસ કરતા હતા કે તેઓ એક મોત ની શિબિર માં જઈ રહ્યા હતા. એ હેટ્ટી ને એ પણ કહેવા નહોતી ચાહતી કે જે ક્ષણે ટ્રેન ઔસચવિત્ઝ પહોંચી, હર્શલ ને પુરુષો ના શિબિર માં લઇ ગયા અને ચોકીદારે ઇઝહાક ને એના હાથો માં થી છીનવી લીધો. એ હેટ્ટી ને એ પણ કહેવા નહોતી માંગતી કે એ હજી પણ એને "માઁ! મામા!" કહેતા સાંભળી શકે છે. ભલે બે વર્ષ વીતી ચુક્યા હોય.



એને બદલે, એણે હેટ્ટી ને કહ્યું, "હું ભાગ્યશાળી છું. નાઝીઓ નું માનવું છે કે હું એક નર્સ છું અને એમણે મને ઘાયલ સૈનિકો ની દેખભાળ માં મદદ કરવા અહીં મોકલી છે." પણ આખરે એ છોકરી ની આંખો પણ બંધ થઇ ગઇ. "અને હવે જો, મને બીજા કોઇ ના બાળકો મળી ગયા છે."

બીજે દિવસે સવારે, ચોપન પેટ માં ગડગડાટ થઈ રહ્યો હતો, પણ લુબા ત્યાં થી ગાયબ હતી.

"એ ક્યાં છે?" બાળકો ગુસપુસ અવાજ માં બોલ્યા.


અચાનક દરવાજો ખુલ્યો. "જલ્દી થી આને લે," લુબા એ એક વરાળ નીકળતું તપેલું હર્મીના ને આપ્યું. થોડી વાર માં એ બીજા તપેલા સાથે પાછી ફરી.

જેવા ભૂખ્યા બાળકો ભેગા થયા, લુબા એ એના સ્કર્ટ થી તપેલા નું છીબું ખેંચી ને હટાવ્યું.

"દલિયા!" એમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

મહિનાઓ સુધી બાળકો એ ઠંડા, પાણી જેવા સૂપ સિવાય કંઇ ખાધું ન હતું, જે ફૂગવાળા ગાજર અને પાર્સનિપ ના ટુકડા થી બનેલું હતું.

મહિલાઓ એ માથું હલાવ્યું જયારે એમણે જોયું કે બાળકો એ છેલ્લા ચમચા સુધી ચાટી લીધું હતું. લુબાએ એ કેવી રીતે કર્યું? ત્યાં તો એક વ્યક્તિ માટે પણ વધારા નું ભોજન મળવું અસંભવ હતું. એણે પચાસ થી વધારે ભૂખ્યા બાળકો માટે ભોજન કેવી રીતે ભેગું કર્યું? નિશ્ચય એ એક ચમત્કાર હતો.





એ એક ચમત્કાર હતો જે લુબાએ એ શિયાળા માં મહિનાઓ સુધી કર્યો. બાળકો માટે ભોજન પ્રાપ્ત કરવા લુબા ને દિવસ માં બે વાર કેમ્પ માં થઈ ને રસોડા ના ક્ષેત્ર સુધી ચાલી ને જવું પડતું હતું. અને દરેક વખતે લુબા ને એ ફાટક માં થી જવું પડતું હતું જ્યાં નાઝી સૈનિકો નો પહેરો હતો.

યાતના શિબિરો માં બંધ કરાયેલા બધા કેદીઓ માં થી યહૂદીઓ સાથે સૌથી ખરાબ વહેવાર કરવામાં આવતો હતો. મોટા ભાગે અનુમતિ વગર ક્યાંય પણ જવાની મનાઈ હતી. પણ લુબા જેવી નર્સો ને કેમ્પ માં ઘુમવા-ફરવાની થોડીક આઝાદી હતી. સૌભાગ્ય થી, લુબા ની વર્દી ની બાંય થી નાઝી દ્વારા કરાયેલા નંબર ના છુંદણા છુપાઈ જતા, જે એને એક યહૂદી હોવાની ઓળખ આપતા હતા. અને કેમકે ચોકીદારો એ એવું માની લીધું કે એ સુંદર નર્સ, જે જર્મન અને રુસી અસ્ખલિત બોલી સકતી, જરૂર એક રાજનીતિક કેદી હશે, એટલે એમણે એની ઉપર વધારે શક ન કર્યો.

તો પણ, એ ચાલ દરમ્યાન લુબા ગભરાઈ જતી.



એણે પ્રાર્થના કરી કે એ લોકો એના હાથ ને ન તપાસે અને એને ખાલી હાથ બેરેક માં પાછી ન મોકલે.

"ગુડ મોર્નિંગ," લુબા એ ચોકીદારો નું અભિવાદન કર્યું, અને સ્મિત કરતા એમની પાસેથી જવાની રાહ જોવા લાગી. "જાઓ," ચોકીદારોએ ઉત્તર આપ્યો, અને એમણે લુબા ને ફાટક માં થી જવા દીધી. ક્યારેક-ક્યારેક એ એને જોઈને મલકાતાં પણ હતા.

"ધન્યવાદ," લુબા એ કહ્યું. એણે એના કંપતા હાથો ને છુપાવવા એમની સામે હાથ હલાવ્યો.


એક વાર રસોડા ના ક્ષેત્ર માં પહોંચી ને લુબા બેકરી ની મુલાકાત લેતી હતી. કેદીઓ ને ફક્ત વધેલા, વાસી પાઉં આપવામાં આવતા હતા. પણ પાઉં બનાવવામાં મદદ કરવાવાળી મહિલાઓ માં એક યહૂદી મહિલા પણ હતી.

"શું આજે તારી પાસે મારા બાળકો માટે પાઉં નથી?" લુબા એ મહિલા ને પૂછ્યું. બર્ગન-બેલ્સેન ના ઘણા કેદી લુબા ના બાળકો વિષે જાણતા હતા પણ એ લોકો નો ભરોસો કરાય એવો હતો કે તેઓ નાઝી ચોકીદારો ને એનું રહસ્ય નહીં બતાવે. પણ બાળકો નું ખાવાનું છુપાવી ને લઈ જવું વધારે ખતરનાક મામલો હતો.

મહિલા એ માથું હલાવ્યું અને બબડી, "તું એ બાળકો ની પરવા કેમ કરે છે? એ બાળકો તારા તો નથી."

"પણ એ કોઈ ના બાળકો તો છે," લુબા એ એને યાદ દેવડાવ્યું, "અને એ બહુ ભૂખ્યા છે."

પછી એ મહિલા એ લુબા ને બે ગરમ પાઉંરોટી આપી જે લુબા એ એના કોટ માં છુપાવી અને મલકાઇ.



પછી રૂબા બીજી ઇમારત માં એક રુસી રાજનીતિક કેદી, જે ત્યાં કસાઇ હતો, એને મળવા જતી હતી. એ ચોકીદારો માટે માંસ તૈયાર કરતો હતો. એના યહૂદી ન હોવાને કારણે મદદ માંગવામાં લુબા થોડી ભયભીત હતી, પણ બાળકો એ મહિનાઓ થી માંસ ખાધું ન હતું.

"અસંભવ!" એ વૃધ્દ્ર માણસે માથું હલાવ્યું. "હું તને સોસેજ ન આપી શકું. જો હું પકડાઇ જઇશ તો ગાર્ડ મને મારી નાખશે - અને તને પણ!"

"પણ કોમરેડ," લુબા એ રુસી માં નિવેદન કર્યું, "હું તમને વચન આપું છું - જો એ મને પકડશે, તો હું એને એમ કહીશ કે માંસ મેં ચોર્યું હતું."

કસાઇ એ પળવાર માટે વિચાર્યું, પછી એણે માથું હલાવ્યું. "ના, આ બહુ મોટું જોખમ છે."

"ઠીક છે, મને લાગ્યું કે તમે એક દાદા હશો," લુબા એ નિસાસો નાખ્યો, અને જવા માટે ફરી, "પણ કદાચ મેં ભૂલ કરી. એક દાદા ક્યારેય બીજાના પૌત્ર-પૌત્રી ને ભૂખ્યા ન રાખે."



એ પછી કસાઇ ગુસ્સા થી કંપતો લુબા પાસેથી દરવાજા ની બહાર નીકળી ગયો.

પણ જયારે લુબા ત્યાંથી નીકળી, તો એણે જોયું કે સલામી (માંસ) નો એક મોટો ટુકડો એક ડબ્બા પાછળ રાખ્યો હતો. એ કસાઇ પણ આખરે એક દાદા હતા.

લુબા એ સોસેજ એના ઉપસી આવેલા કોટ ની અંદર છુપાવ્યો.



અંત માં, લુબા એ રસોઈયા પાસે જતી હતી જે બર્ગન-બેલ્સેન ના બધા ભોજન નો કારભારી હતો. લુબા માટે એનો સામનો કરવો સૌથી મુશ્કેલ કામ હતું. એ એક જર્મન હતો, જેને કોઈ જુના અપરાધ માટે ત્યાં કેદ કરવામાં આવ્યો હતો, અને એને યહૂદી કેદીઓ એટલા જ નાપસંદ હતા જેટલા ગાર્ડ ને. જો એ એના નાઝી ઉપરી ને લુબા વિષે સૂચના આપે, તો લુબા ને મારી નાખવામાં આવત.

"શું તમારી પાસે મારા બેરેક ના નન્હા-મુન્નાઓ માટે થોડું બટાટા નું સૂપ નહીં હોય?" લુબા એ એને વિનંતી કરી.

"જો, અહીં કોઈ માટે વધારાનું સૂપ નથી!" રસોઇયાએ જોરથી હસતા કહ્યું. "હું તારા ગંદા યહૂદી બાળકો માટે સૂપ શું કામ આપું?"


લુબા બહુ ગુસ્સા માં હતી અને એ જવા માટે ફરી, પણ રસોઇયાએ એને બોલાવી, "તું બહુ બહાદુર છે. તને જોઈને મને મારી પત્ની યાદ આવે છે."

લુબા એ ખિજાઈને કહ્યું, "તારી પત્ની નિશ્ચિત રૂપ થી મને સૂપ આપત, કેમ?"

રસોઈયો ફરી હસ્યો અને એણે લુબા ના ગાલ ને ચીમટી ભરી. "જયારે તું ગુસ્સા માં હોય છે ત્યારે તું વધારે બહાદુર લાગે છે. ઓહ! એને સૂપ નો નીચે જામેલો થર આપી દે - મને એની શું પરવાહ!" અને એમ કહેતા એણે સૂપ નો આખરી ભાગ લુબા ના વાસણ માં નાખી દીધો.

લુબા ચહેરા પરથી એનો હાથ ઝટકવા ચાહતી હતી, પણ એને બદલે એ મલકાઈ અને વાસણ ને એના જાદુઈ કોટ માં સંતાડી દીધું.





કેમ્પ ની ચારે બાજુ ની ત્યજાયેલી ઇમારતો માં થી, લુબા લાકડા નો ભંગાર ભેગી કરતી હતી. જયારે બહુ ઠંડી પડતી, ત્યારે એ બાળકો ને ગરમ કરવા ચૂલા માં આગ સળગાવતી હતી, પણ એ અંધારું થયા પછી કરતી હતી જેથી કોઈ ધુમાડો ન જોઈ શકે.

ક્યારેક-ક્યારેક લુબા ગાર્ડ ની પત્નીઓ ને મનાવી લેતી અને એની પાસેથી વધારા ના કપડાં અને ધાબળા લઈ લેતી હતી. લુબાએ એનું કારણ ક્યારેય ન બતાવ્યું, અને જો એને લુબા ના બાળકો વિષે ખબર પણ હતી, તો પણ તેઓ એ કોઈ ને એક શબ્દ પણ ન કહ્યો.

જયારે બાળકો બીમાર પડતા, ત્યારે લુબા મદદ માટે એક યહૂદી ડૉક્ટર પાસે જતી હતી. એસ્પીરીન અને પાટા સિવાય એની પાસે બહુ કંઈ ન હતું, પણ એ પર્યાપ્ત હતું.

બાળકો ને જે જોઈતું હતું, લુબા ક્યાંક ને ક્યાંક થી એ લઈ આવતી હતી. રોજ એ બાળકો ને જીવતા રાખવા પોતાનો જીવ જોખમ માં મૂકતી હતી. એને બસ એ આશા હતી કે એના દીકરા ઇઝહાક માટે પણ ક્યાંક કોઈ એવું જ કરી રહ્યું હશે.



બેરેક ની અન્ય મહિલાઓ એ પણ બાળકો ની દેખભાળ માં પોતાની ભૂમિકા નિભાવી. એમણે લુબા એ લાવેલું ભોજન પકાવ્યું અને સૌથી નાના બાળકો ને તૈયાર કર્યા. એમણે ચોપન બાળકો ને જેટલા બની શકે એટલા સાફ રાખવા માટે એક ભીના કપડાં નો ઉપયોગ કર્યો.

બાળકો એ પણ એમાં મદદ કરી. બાળકો એ નાના-મોટા કામ કર્યા, એક-બીજા ને વાર્તા સંભળાવી, નાટકો નો અભિનય કર્યો, અને કાલ્પનિક દેશો ની યાત્રા કરી. પણ એ ક્યારેય રોયા નહીં. એમાંથી કોઈ પણ એ ઠંડા, અંધારા ઇલાકા માં એમને છોડી જવાની ઘટના ને ક્યારેય ભૂલ્યા નહીં.



દરેક દિવસ ના અંત માં, બાળકો દરવાજા ની ચારે બાજુ ભેગા થઈ ને લુબા ની રાહ જોતા હતા, પ્રાર્થના કરતા હતા કે એ પકડાઈ ન જાય.

અને દરેક વખતે જયારે એ અંદર આવતી, એની શોધ થી થાકી ને, તો બાળકો ગુસપુસ અવાજે બોલતા, "સિસ્ટર લુબા! તમે પાછા આવી ગયા! તમે પાછા આવી ગયા!" જયારે એ લુબા ના થાકેલા પગ ને ચોળતા, તો લુબા ની તાકાત પાછી આવી જતી હતી, અને એને ફરીથી યાદ આવી જતું કે એ કેમ બચી ગઈ હતી.

જેમ-જેમ દિવસો ગરમ થતા ગયા અને વસંત નજીક આવતી ગઈ, બાળકો એ લુબા માટે જન્મદિવસ પર એક આશ્ચર્યજનક યોજના બનાવવી શરુ કરી.

બર્ગન-બેલ્સેન માં થોડા કેદીઓ એવા હતા જે વિશેષ વસ્તુ ઓ નો વેપાર કરી સકતા હતા - પાઉંરોટી માટે આભૂષણ, દવાઓ માટે સિગારેટ. સૌભાગ્ય થી, એક એવો ડચ કેદી હતો જેની પાસે એ હતું જે બાળકો ચાહતા હતા, પણ એ વસ્તુ સસ્તી ન હતી - એની કિંમત બે પાઉંરોટી હતી.


"આપણને પાઉંરોટી ક્યાંથી મળશે?" જૅકે નિસાસો નાખ્યો.

"મારા મગજ માં એક તુક્કો છે," હેટ્ટી એ ગુસપુસ કહ્યું. "પણ એમાં બધા એ યોગદાન આપવું પડશે."

હેટ્ટી જાણતી હતી કે એક પાઉંરોટી માં સત્તર સ્લાઈસ હતી. અને રોજ લુબા બેરેક માં દરેક બાળક ને એક સ્લાઈસ આપતી હતી.



જો હેટ્ટી અને જેક બાળકો ને એમની રોજ ની પાઉંરોટી નો અડધો ટુકડો આપવા મનાવી લેય, તો એ કેવળ બે રાત માં લુબા માટે ભેટ ખરીદી સકતા હતા. બાકી બાળકો ને એ શાનદાર યોજના લાગી, અને જલ્દી એમની પાસે પાઉંરોટી ની સ્લાઈસ નો ઢગલો થઇ ગયો. એમનું પેટ ખાલી હતું, પણ બાળકો એટલા ઉત્સાહિત હતા કે એનું ધ્યાન જ ન રહ્યું.




"સરપ્રાઇસ", બાળકો એ બૂમ પાડી જયારે લુબા એ દરવાજો ખોલ્યો.

"આ બધું શું છે?" એણે પૂછ્યું. લુબા એની સામે સાફ-સુથરા અને ગુલાબી ચેહરા જોઇને ચકિત રહી ગઈ.

"આજ તમારો જન્મદિવસ છે!" જેકે કહ્યું.

લુબા ને એનો જન્મદિવસ યાદ પણ ન હતો. એણે સફળતા વગર ભોજન ની શોધ માં કલાકો વિતાવ્યા હતા અને એને ડર હતો કે એ રાત બધા માટે એક ભૂખી રાત હશે.

બધા બાળકો લુબા ની સામે લાઈન માં ઉભા હતા, દરેકે લુબા ને એક નાનો ઉપહાર આપ્યો - નાની-નાની વસ્તુઓ, જે એમણે કાગળ અને કપડાં ના ટુકડા, દોરી અને લાકડી ના ટુકડાઓ માં થી પોતે બનાવી હતી. પંક્તિ માં છેલ્લે ઉભેલી છોકરી એ લુબા ને દિલ ના આકાર ની એક પેટી આપી જે હેટ્ટી ના ફ્રોક ના નીચે ના ભાગ માં થી કાપેલા કપડાં માં લપેટેલી હતી. લુબા એ ઢાંકણું ખોલ્યું.





અંદર લુબા ને એક લાલ રેશમી દુપટ્ટો મળ્યો. "આ તો બહુ સુંદર છે," લુબા એ ઉદ્ગાર કાઢ્યો, પણ એ આખરી ઉપહાર ન હતો. જેવું હેટ્ટી એ એક કાગળ નો ટુકડો ખોલ્યો, રૂમ એકદમ શાંત થઇ ગયો. "આ જન્મદિવસ ની કવિતા છે જે અમે તમારા માટે લખી છે :

લુબા દીદી, તમારું નામ હાથમોજા ની જેમ તમને બંધબેસતું છે.

તમારે માટે અમારા દિલ માં સન્માન અને ખૂબ પ્રેમ છે.

સવાર થી મોડી રાત સુધી

એક વાર પણ તમે અમને તમારી નજર થી ઓઝલ થવા નથી દેતા.

દિવસ શરુ પણ નથી થતો

અને લુબા દીદી ની દોડધામ શરુ થઇ જાય છે.

અમારા જીવ એના હાથો માં છે,

એ અમે સારી રીતે જાણીયે છીએ.

અને અમે બધા એના આભારી છીએ, મોટા અને નાના.

અમે તમારા માટે સ્વાસ્થ્ય અને ખુશી ની કામના કરીયે છીએ.

કાશ, આપણે બધા ને માટે આઝાદી જલ્દી આવે."

લુબા ના મસ્તિષ્ક માં હવે કોઈ અવાજ ન હતો. કોઈ સવાલ પણ ન હતો. જ્યારથી એ ઇઝહાક ને લઈ ગયા હતા, પહેલી વાર લુબા જીવિત બચવા માટે ખુશ હતી.



જોકે લુબા ની આ ખુશી વધારે વાર ન ટકી. અફવાઓ ઉડી રહી હતી : નાઝી યુદ્ધ હારી રહ્યા હતા. આ ખબર કેદીઓ માટે ખુશી ની વાત હતી, પણ પહેરેદારો માટે નહીં, જે એમની સાથે હવે પહેલા થી પણ બદતર વ્યવહાર કરવા લાગ્યા હતા. કેદીઓ ને બહુ ઓછું ખાવાનું મળતું હતું. એમની પાસે કોઇ દવા ન હતી.

રોજ બાળકો વધારે ને વધારે ભૂખ્યા રહેવા લાગ્યા, પછી એક સમય આવ્યો જયારે એ એની ભૂખ ને મહેસૂસ પણ ન કરી શક્યા. અને જલ્દી એમનામાંથી ઘણા બાળકો બીમાર પડી ગયા.

એક સાંજે લુબા એ બેરેક ની ચારે બાજુ જોયું. બાળકો દુબળા-પાતળા થઈ ગયા હતા. ઘણા બાળકો ટાઇફસ (એક જાતનો તીવ્ર ચેપી વિષમજ્વર) થી પીડિત હતા. એ એક એવી બીમારી હતી જેણે પહેલા જ હજારો કેદીઓ ને મારી નાખ્યા હતા. તીવ્ર તાવ એમને એટલા થકવી દેતા હતા કે તેઓ ઉભા પણ નહોતા થઇ શકતા. ત્યાં સુધી કે જે બાળકો બીમાર ન હતા એ પણ પલંગ પર સૂતા હતા, કારણકે એ રમવા માટે બહુ અશક્ત હતા. આવી હાલત માં, એ કદાચ એક વધુ અઠવાડિયું જીવી શકત.



"હવે હું શું કરું?" લુબા ચિંતિત થઈ ને બોલી.

"લુબા દીદી, મહેરબાની કરી ને રડો નહીં,"

જૅકે કહ્યું. "ચિંતા નહીં કરો," એણે લુબા ના

ખભા ફરતે એના પાતળા હાથ ફેલાવતા કહ્યું.

"આપણે લોકો ચોક્કસ જીવતા રહીશું."

"મને ખબર છે કે આપણે આ મુસીબત માં થી

જરૂર બહાર આવશું. મને ખબર છે કે આપણે જીવતા રહીશું." પણ લુબા ને ખાતરી ન હતી.

બીજે દિવસે સવારે લુબા એક અજબ ગડગડાટ ના અવાજ થી ઉઠી ગઈ. મેઘ ગર્જના? હવાઈ હુમલો? લુબા એ ધક્કો મારીને બેરેક નો દરવાજો ખોલ્યો. શિબિર સુમસામ હતી. પહેરેદાર ચાલ્યા ગયા હતા, અને શિબિર ના પ્રવેશ દ્વાર માં થી મોટી-મોટી ટેંક અંદર ધુસી રહી હતી.

શું હું કોઈ સ્વપ્ન જોઈ રહી છું? લુબા એ વિચાર્યું.

ત્યાં, દરેક ટેંક પર લગાવેલા લાઉડ-સ્પીકર માં થી એલાન થયું, "હવે તમે આઝાદ છો! હવે બધા આઝાદ છે!" બ્રિટિશ સેના આવી ચુકી હતી. યુદ્ધ સમાપ્ત થઈ ગયું હતું.


"બાળકો, ઉઠો!" લુબા એ બૂમ પાડી.

બ્રિટિશ સૈનિકો એ લુબા ના દરવાજા માં થી ઝાંકી ને જોયું તો એમને પોતાની આંખો પર વિશ્વાસ ન થયો. અંધારા બેરેક માં એમણે જોયું કે થોડી મહિલા કેદી બાળકો ના ઝુંડ થી ઘેરાયેલી હતી. બંક-બેડ માં બાળકો હતા, ટેબલ નીચે બાળકો હતા, બાળકો એના યુનિફોર્મ ખેંચી રહ્યા હતા.

બાળકો એ સૈનિકો ને પોતાની કાળી, ઊંડી ઉતરેલી આંખો થી અને સ્મિત સાથે જોયા જે પૂરા શિબિર ને રોશન કરી સકતી હતી.

સૈનિક ચકરાઈ ગયા. "આ બધા બાળકો યુદ્ધ થી કેવી રીતે બચી ગયા?"

એ નિશ્ચય એક ચમત્કાર હતો.



હવે લુબા ને એના જાદુઈ કોટ ની કોઈ જરૂરત ન હતી. જેવો લુબા એ કોટ ને ઉતાર્યો, સૂરજે એ ભુજાઓ ને ગરમ કરી જેને હવે છુપાવવાની જરૂર ન હતી. લુબા અને અન્ય મહિલાઓ એ સૌથી અશક્ત બાળકો ને ઉઠાવ્યા, જયારે મજબૂત બાળકો એ એના સ્કર્ટ પકડયા.

"હવે આપણે સ્વતંત્ર છીએ," કાંટાળા તાર ને પાર અને પહેરેદાર વિનાના ગેટ ની બહાર નીકળતા લુબા એ કહ્યું. "હવે આપણે સ્વતંત્ર છીએ."



ઉપસંહાર

બર્ગન-બેલ્સેન માં આખર ના મહિનાઓ માં સાઠ હજાર થી વધુ કેદીઓ ભૂખ અને બીમારી થી મરી ગયા હતા. તો પણ મૂળ 54 ડચ બાળકો માં થી જેને લુબા એ 1944 માં ડિસેમ્બર ની એ ઠંડી રાતે બચાવ્યા હતા, 52 બાળકો એપ્રિલ 1945 માં યુદ્ધ ની સમાપ્તિ સુધી જીવિત રહ્યા.

મુક્તિ પછી, બાળકો એ લુબા થી અલગ થવાનો ઇન્કાર કરી દીધો, એટલે એ એને હોલેન્ડ લઇ ગઇ. એ ત્યાં પહોંચ્યા, ત્યાં સુધી માં લુબા એક રાષ્ટ્રીય હીરોઇન બની ચુકી હતી. ડચ લોકો એ એને "બર્ગન-બેલ્સેન ની દૂત" ના નામે બોલાવી. બાળકો ને એના જીવિત પરિવાર સાથે ફરીથી મળાવવામાં આવ્યા અને રાણી વિલ્હેલમીના એ ખુદ લુબા ને હોલેન્ડ માં રહેવાનું આમંત્રણ આપ્યું, એ વાયદા સાથે કે જીવનભર એની દેખભાળ કરવામાં આવશે. પણ લુબા ત્યાં રોકાઇ નહીં. એક વાર ડચ બાળકો સુરક્ષિત થઇ ગયા, તો લુબા બર્ગન-બેલ્સેન પાછી ફરી. એ ત્યાં અન્ય અનાથ બાળકો ની દેખભાળ માં મદદ કરવા ચાહતી હતી અને જેને યુદ્ધ ના અંત માં ત્યાં સ્થાનાંતરિત કરવા માં આવ્યા હતા અને એ પોતાના સગાંઓ ને પણ શોધવા માંગતી હતી. આખા યુરોપ માં યુદ્ધ થી બચેલા લોકો શરણાર્થી શિબિરો માં રહેતા હતા. એ એના ઘર, એની નોકરી અને એની બધી સંપત્તિ ખોઇ ચુક્યા હતા. લુબા નિશ્ચિત હતી કે હર્ષલ અને ઇઝહાક મરી ચુક્યા છે, પણ એને આશા હતી કે એ શરણાર્થી શિબિરો માં થી કોઇ એક માં એને એના પરિવાર ના અન્ય સદસ્ય મળી શકતા હતા.

જયારે બર્ગન-બેલ્સેન ના બાકી ના અનાથ બાળકો ને અન્ય દેશો માં સ્થાનાંતરિત કરવામાં આવ્યા, તો લુબા એક સમૂહ ને સ્વીડન માં એક શરણાર્થી શિબિર માં લઇ ગઇ.

બર્ગન-બેલ્સેન ના મુક્તિ ના દિવસે "ડાયામંડ બાળકો" સાથે લુબા
(ઉપર ની પંક્તિ માં ડાબે થી બીજી).



ઘણી શોધ કરવા છતાં લુબા ને એના કોઇ અન્ય સગા ન મળ્યા, એટલે 1947 માં એ અમેરિકા ચાલી ગઇ. ત્યાં, એક અન્ય હોલોકોસ્ટ માં થી બચેલા સોલ ફ્રેડરિક સાથે લગ્ન કર્યા, ને એમને બે બાળકો થયા - ઓલ અને પેટ્ટી. તોપણ લુબા હજી પણ રોજ એ ડચ બાળકો વિષે વિચારતી હતી - એ કેમ હતા? એને યાદ કરતા હતા? વર્ષો સુધી લુબા ને કંઇ ખબર ન મળ્યા.

પણ એ બાળકો લુબા ને ભૂલ્યા ન હતા. જેવા એ થોડા મોટા થયા, એ બાળકો એ લુબા ને દુનિયાભર માં શોધવાનું શરુ કર્યું. જેકે સૌથી પહેલા લુબા ને શોધી અને પછીના વર્ષો માં અન્ય બાળકો એ પણ લુબા ને શોધી. જેવી બીજા વિશ્વ યુદ્ધ ની સમાપ્તિ નો 50 મોં વાર્ષિકોત્સવ નજીક આવ્યો, એમણે લુબા ને બીજું એક આશ્ચર્ય આપવાની વ્યવસ્થા કરી.

એપ્રિલ 1995 માં, એ પુનર્મિલન માટે લુબા ને એમ્સ્ટર્ડેમ લઇ ગયા. ત્યારે લુબા લગભગ 75 વર્ષ ની હતી, અને એના "બાળકો" 50-60 વર્ષ ના હતા. પણ જેવી લુબા વિમાન માં થી બહાર ઉતરી, એમની વચ્ચે ના વર્ષો પીઘળી ગયા. એ એમની લુબા હતી, અને તેઓ એના બાળકો હતા.



એક વાર ફરી, બાળકો એ લુબા માટે એક બહુ ખાસ ઉપહાર ની યોજના બનાવી. એ લુબા ને સિટી હોલ લઇ ગયા. ટેલીવિઝન કેમેરા, પત્રકારો, એમ્સ્ટર્ડેમ ના મેયર અને બાળકો થી હોલ ભરેલો હતો. હોલેન્ડ ની મહારાણી બિટ્રીક્સે લુબા ને બર્ગન-બેલ્સેન માં એના વીર કાર્યો અને માનવીય સેવાઓ માટે "સિલ્વર મેડલ ઓફ઼ હોનર" થી સન્માનિત કર્યા. લુબા ને એ લગભગ એના પાછલા સન્માન - લાલ દુપટ્ટા - જેટલો જ પસંદ આવ્યો!

ત્યાં એક વધુ આશ્ચર્ય ની વાત થઇ. ટેલીવિઝન કવરેજ ને કારણે અમેરિકા ના એક પરિવારે પણ લુબા વિષે સાંભળ્યું. એ પરિવાર ને લુબા નું નામ જાણીતું લાગ્યું, એટલે એણે લુબા ને ફોન કર્યો. લુબા સાથે કલાકો વાત કર્યા પછી, એમને ખબર પડી કે એ લોકો લુબા ના દાદા ના સગા હતા. યુદ્ધ ના ઘણા લાંબા વર્ષો પછી લુબા એના પરિવાર ના ખોવાયેલા થોડા લોકો ને ફરી મળી શકી.

લુબા નું વતન ઝાસ્તોવીઆ સહીત દ્વિતીય

વિશ્વ યુદ્ધ ની શરૂઆત માં યુરોપ



દ્વિતીય વિશ્વ યુદ્ધ અને હોલોકોસ્ટ

1939 થી 1945 સુધી આખા યુરોપ અને પ્રશાંત મહાસાગર માં દ્વિતીય વિશ્વ યુદ્ધ થયું, પણ યહૂદીઓ નું ઉત્પીડન વર્ષો પહેલા શરુ થયું. 1933 માં, એડોલ્ફ હિટલર અને એના અનુયાયીઓ એ જર્મની માં સત્તા સંભાળી અને યહૂદી લોકો ને દેશ ની સમસ્યાઓ માટે બલી ના બકરા બનાવ્યા. હિટલરે જર્મન લોકો ને કહ્યું કે તેઓ ત્યારે સફળ થઇ શકશે જયારે યહૂદીઓ ને નષ્ટ કરવામાં આવે. ઘણાએ એના પર વિશ્વાસ કર્યો. એમણે ત્વરિત એના યહૂદી પાડોશીઓ માટે જીવવું લગભગ અસંભવ કરી દીધું, યહૂદી સંપત્તિ ચોરી લીધી, અને યહૂદીઓ ની ધરપકડ કરીને યાતના શિબિરો માં મોકલી દીધા. જયારે જર્મન સેનાએ અન્ય યુરોપીય દેશો પર આક્રમણ કર્યું, તો એ દેશો ના યહૂદી નાગરિકો સાથે પણ એવો જ વ્યવહાર કર્યો.

યુદ્ધ ના અંત સુધી માં નાઝીઓ એ સાઠ લાખ યહૂદી પુરુષો, મહિલાઓ અને બાળકો ને "હોલોકોસ્ટ" માં માર્યા હતા.

એકલા બર્ગન-બેલ્સેન માં પિસ્તાલીસ હજાર થી વધુ યહૂદી કેદીઓ ના મૃત્યુ થઇ ગયા, જેમાં પ્રસિદ્ધ કિશોર લેખિકા એની ફ્રેન્ક પણ સામેલ હતી (એ શિબિર ની મુક્તિ ના થોડા અઠવાડિયા પહેલા ટાઇફસ થી મરી ગઈ હતી). વાસ્તવ માં, બર્ગન-બેલ્સેન માં હાલાત એટલા ભયાનક હતા કે મુક્ત થયા પછી પણ તેર હજાર કેદીઓ નું બીમારી થી મૃત્યુ થઇ ગયું. અંત માં શિબિર ને બાળી નાંખવામાં આવ્યું કારણકે એ ટાઈફસ થી ગ્રસ્ત હતું.

લુબા ની જેમ, હોલોકોસ્ટ ના ઘણા યહૂદી બચેલા લોકો દુનિયાભર માં, સંયુક્ત રાજ્ય અમેરિકા માં વસી ગયા. એ દક્ષિણ અમેરિકા, કેનેડા, અને હાલ માં જ સ્થાપિત યહૂદી રાજ્ય ઈઝરાઈલ માં ચાલ્યા ગયા. એના નવા ઘરો માં, આ બચેલા લોકો એ શૂન્ય માં થી એમના જીવન નું પુનઃનિર્માણ કર્યું. એમનું સાહસ હજી પણ માનવતા માટે એક પ્રકાશ છે, જે દર્શાવે છે કે તાકાત, ગરિમા અને આશા સૌથી અંધારા સ્થળો માં પણ પોતાના મૂળ જમાવી શકે છે.

મારી માઁ એ હંમેશા મને કહ્યું કે
એમણે મને જન્મ આપ્યો, પણ
લુબા એ મને જીવન આપ્યું.

-સ્ટેલા ડેગન-ફર્ટીંગ (લુબા એ બચાવેલી સૌથી નાની છોકરી)



મારુ નામ લુબા ટ્રિસઝિસ્કા-ફ્રેડરિક છે અને આ મારી કહાણી છે. મેં ક્યારેય પોતાને એક વિશેષ રૂપ થી બહાદુર વ્યક્તિ ના રૂપ માં નથી વિચાર્યું, નિશ્ચિત રૂપ થી હું કોઈ હીરોઇન નથી. પણ મેં જોયું કે દરેક માનવી ની અંદર એક હીરો હોય છે જે બહાર આવવાની રાહ જોય છે. મને ઘણા નાયકો એ મદદ કરી. એમની મદદ વગર હું કંઈ પણ ન કરી શકત. આ કહાણી એમને માટે અને બાળકો માટે છે.

-લુબા ટ્રિસઝિસ્કા-ફ્રેડરિક